પ્રેમ, સમય અને સ્થાનની સીમાથી પર છે, તે બિરંકુશ છે

- વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૩૦ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૩, રવિવાર; પોષ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે પેથાપુર-માણસામાં મતદાન

## જિલ્લામાં નગરપાલિકાના ચૂંટણી જંગમાં ૨૪ હજાર મતદારો તેમનો મતાધિકાર વાપરશે : માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી : પેથાપુરમાં પેટા-ચૂંટણી માણસામાં સ્થાનિક પોલીસ સાથે એસ.આર.પી.નો સઘન બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૯ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આજે બીજા તબક્કાની યોજાનારી ચૂંટણીમાં જિલ્લાના બે નગરોના ૨૪ હજારથી વધુ મતદારો મતાધિકારનો ઉપીયોગ કરી ૨૮ નગરસેવકો માટેનું ભાવિ લખશે.

માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૨૭ બેઠકો છે. જે માટે ૨૨,૩૦૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપીયોગ કરશે. જ્યારે પેથાપુર નગરપાલિકાના વોર્ડ નં. ૭ની ચૂંટણીમાં બે ઉમેદવારો છે અને બે હજાર જેટલા મતદારો તેમના મતાધિકારનો ઉપીયોગ કરી નગરસેવકનું ભાવિ નિયત કરશે.

પેથાપુર નગરપાલિકાની પેટા-ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. આ માટે બે બુથ બનાવાયા છે. કોંગ્રેસના મહિલા સદસ્યાએ આપેલા રાજીનામાના પગલે આ પેટા-ચૂંટણી યોજાઈ રહી છે. બે વર્ષના શાશનકાળમાં આ બીજી પેટા-ચૂંટણી નગરપાલિકાની યોજાઈ રહી છે. અગાઉ કોંગ્રેસના પીઠ અગ્રણી લક્ષ્મણસિંહજી ડાભીના અવસાનને કારણે બેઠક ખાલી પડતાં પેટા-ચૂંટણી યોજાઈ હતી.

પેથાપુર નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષે એક બેઠકની પાતળી સરસાઈ મેળવી હતી પણ હાલ પક્ષ લઘુમતિમાં

● અનુસંધાન પાન-૭ પર




















